PGVCL　　પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ　　PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/કવા–૦૪/૧૭–૧૮/૧૭૪૯–૪　　તા ૨૮–૦૨–૧૮

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
સુપર સીરામીક્સ,
જુના રફાળેશ્વર રોડ,
આદ્યશક્તિ પેપર મીલ ની સામે,
ભાડીયાદ – મોરબી–૨
મો: ૦૨૮૨૨ – ૨૩૪૨૩૬

વિષય :–ફોરમ ના હુકમ ની સામે – રીવ્યુ અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૦/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૨૦/કવા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૩–૦૨–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (પીજીવીસીએલ) : (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)**

**રજુઆત કરનાર :એસ.આર.રાંકજા – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) ગ્રાહક (સામેવાળા) :**

**ગ્રાહક (સામેવાળા): – સુપર સીરામીક્સ**

**અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે વી.વી.પટેલ હાજર રહેલ હતા.**

## : હુકમ :

**ફરીયાદ : ફોરમ ના હુકમ ની સામે – રીવ્યુ અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, ફોરમ ના હુકમ – પીજીવીસીએલ / સીજીઆરએફ/૩૪ /કવા–૦૩ / ૧૭–૧૮ મા જણાવેલ જમા આપવાની થતી રકમ માહે ફેબ્રુઆરી–૨૦૧૨ ની આસપાસ ની હોય, જીઈઆરસી ના ફોરમ અને ઓમ્બુડસમેન રેગ્યુલેશન ૨૦૧૧ ના મુદદા નં. ૨.૬૨ ના પેટા મુદદા નં. (૧) અને (૨) મુજબ ની વિગતે મુજબ ની વિગતે – સદર નિર્ણય ને રિવ્યુ કરવાની પીજીવીસીએલ ની માંગણી છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) ગ્રાહક (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | પીજીવીસીએલ ની સદર રિવ્યુ – અરજી બાબતે – અરજદાર દ્રારા કોઈ લેખીત તેમજ મૌખીક રજુઆત કરેલ નથી. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી પીજીવીસીએલ ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ ગ્રાહક પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૧.૧ મુજબ ની વિગતે, અરજદાર ની મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – સામેવાળા ની ફરીયાદ – એચ.ટી. ફાઈનલ બીલ બાબતે હોય – જે પીજીવીસીએલ પક્ષકાર દ્રારા – સદર ગ્રાહક નુ ફાઈનલ બીલ માહે જાન્યુઆરી– ૨૦૧૧ મા મંજુર કરાયેલ – જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્રારા ફોરમ ના હુકમ નં. : પીજીવીસીએલ / સીજીઆરએફ/૩૫ /કવા–૦૩ / ૧૭–૧૮/૨૩૪ તા.૦૫–૦૧–૧૮ ની સામે જીઈઆરસી નોટીફિકેશન નં.: .– ૦૨ / ૨૦૧૧ ના મુદદા નં. ૨.૬૨ ના પેટા મુદદા નં. (૧) અને (૨) મુજબ ની વિગતે – રિવ્યુ – અરજી કરેલ જેમા જણાવેલ કે – જીઈઆરસી રેગ્યુલેશન – ૨૦૧૧ ના નોટીફિકેશન નં.– ૦૨ / ૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦( iii) મુજબ ની વિગતે ની ફરીયાદ નુ કારણ ઉભુ થાય તે તારીખ થી – ૦૨ વર્ષ પછી ફરીયાદ ની નોંધણી કરે તો –તેવા કિસ્સામા ફોરમ ને કંઈ કરવાનુ રહેતુ નથી. |

| | |
|---|---|
| **૩.૨** | સદર કેઈસ મા – ફોરમ કમિટી મીટીગ: તા. ૦૫–૧૨–૧૭ મા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – મુદદા નં. ૩.૧ મુજબ ની કોઈ રજુઆત કરેલ ન હતી. જેથી, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ રિવ્યુ – અરજી ગ્રાહય રાખવામા આવે છે. તેમજ, સદર કેઈસ મા – ફોરમ દ્વારા અપાયેલ હુકમ ને રદબાતલ કરી – અરજદાર શ્રી સુપર સીરામીકસ ગ્રાહક નં. : ૨૬૮૧૬ દ્વારા કરાયેલ ફરીયાદ મુજબ – એચ.ટી. ફાઈનલ બીલ મા – ૩૦ મીટર ફ્રી સર્વિસ લાઈન આપવાની હોય અને કર્મચારી દ્વારા થયેલ ફિલ્ડ વીઝીટ નો ખર્ચ વસુલવા પાત્ર ન હોય – રીફંડ આપવા બાબતે તા. ૧૪–૧૧–૧૭ ના રોજ ની અરજી કરેલ હોય – જયારે, સદર બાબત પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – તા.૧૮–૦૨–૧૨ ના રોજ એચ.ટી. ફાઈનલ બીલ મંજુર કરેલ હોય – જેથી, – જીઈઆરસી રેગ્યુલેશન – ૨૦૧૧ ના નોટીફિકેશન નં.– ૦૨ / ૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦( iii) મુજબ ની વિગતે ની ફરીયાદ નુ કારણ ઉભુ થાય તે તારીખ થી – ૦૨ વર્ષ પછી ફરીયાદ ની નોધણી કરે તો –તેવા કિસ્સામા ફોરમ ને કંઈ કરવાનુ રહેતુ નથી, તેમ ફોરમ કમિટી દ્વારા નિષ્કર્ષ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( ખાલી જગ્યા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી_સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.